# Aavi rudi ajavaali raat lyrics in Gujarati by Diwaliben Bhil

આવી રૂડી અજવાળી રાત,
રાતે તે રમવા નીસર્યા રે માણારાજ
આવી રૂડી અજવાળી રાત,
રાતે તે રમવા નીસર્યા રે માણારાજ…

હે રમ્યા રમ્યા પૂર બે પૂર,
સાયબોજી તેડાં મોકલે રે માણારાજ
રમ્યા રમ્યા પૂર બે પૂર,
સાયબોજી તેડાં મોકલે રે માણારાજ…

હે ઘેર આવો ઘર કેરી નાર રે,
ઘેર આવો ઘર કેરી નાર રે
અમારે જાવું ચાકરી રે માણારાજ
અમારે જાવું ચાકરી રે માણારાજ…

આવો રૂડો સહયિરું નો સાથ,
મેલીને સાયબા નહિ આવું રે માણારાજ
આવો રૂડો સહયિરું નો સાથ,
મેલીને સાયબા નહિ આવું રે માણારાજ…

હે ગોરી મુને ચડી રીસ રે,
ગોરી મુને ચડી રીસ રે,
ઘોડે તે પલાણ માંડશું રે માણારાજ
ઘોડે તે પલાણ માંડશું રે માણારાજ…

હેજી રે રૂડી ઝાલશું ઘોડલાની વાઘ,
તમોને જાવા નહિ દિઇએ રે માણારાજ
હેજી રે રૂડી ઝાલશું ઘોડલાની વાઘ,
તમોને જાવા નહિ દિઇએ રે માણારાજ…

મેલો ગોરી ઘોડલાની વાઘ
મેલો ગોરી તમે ઘોડલાની વાઘ
અમારે જાવું ચાકરી રે માણારાજ
અમારે જાવું ચાકરી રે માણારાજ…
આવી રૂડી અજવાળી રાત,
રાતે તે રમવા નીસર્યા રે માણારાજ

GujaratiLyrics.com